**સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ (SFAC),**

**કૃષિ અને સહકાર વિભાગ,**

**ભારત સરકાર**

**NCUI ઓડિટોરિયમ બિલ્ડીંગ,**

પાંચમો માળ, 3 સીરી ઇન્સ્ટીટ્યુશનલ એરિયા

**ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ, હૌઝ ખાસ,**

**નવી દિલ્હી** - 110016

ફોન નં. – 011 26966017/37,

www.sfacindia.com

મગફળીના વેચાણ માટે નાણાંકીય બિડ (ભાવ પત્રક) મંગાવવા બાબતે સૂચના

કૃષિ અને સહકાર વિભાગ, કૃષિ મંત્રાલય હેઠળ કાર્યરત સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ (SFAC) દ્વારા ગુજરાત રાજ્યમાં પૂર્વ-પ્રમાણિત મગફળીનો જથ્થો વેચાણાર્થે મૂકવામાં આવેલ છે. વેચાણ માટે ઉપલબ્ધ મગફળીનો અંદાજિત જથ્થો નીચે પ્રમાણે છે:

| રાજ્ય | પાક | મહત્તમ પ્રાપ્ય જથ્થો (મેટ્રિક ટનમાં) |
|---|---|---|
| ગુજરાત | મગફળી | 14120.46 MT (મેટ્રિક ટન) |

મગફળીના જથ્થાની 'યથાસ્થિતિ'ના ધોરણે ખરીદી માટે કાયદાકીય મંજૂરી ધરાવનાર તથા વેપાર માટેના જરૂરી લાઇસન્સ ધરાવતા જથ્થાબંધ ખરીદદારો / સંસ્થાકીય ખરીદદારો પાસેથી સીલબંધ નાણાંકીય બિડ મંગાવવામાં આવે છે. રસ ધરાવનારા ખરીદદારોએ તેમના દસ્તાવેજોની માન્યતા અંગેના સોગંદનામા સાથે જરૂરી દસ્તાવેજોની ઝેરોક્સ કોપી (ટ્રેડિંગ લાઇસન્સ, વેટ રજિસ્ટ્રેશન/ સેલ્સ ટેક્સ રજિસ્ટ્રેશન વગેરે) રજૂ કરવાની રહેશે.

1. બિડ (ભાવ પત્રક) મંગાવવા બાબતઃ

a) વેચાણકર્તા: SFAC (સ્મોલ ફાર્મર્સ એગ્રિ બિઝનેસ કન્સોર્ટિયમ) ગુજરાત રાજ્યમાં મગફળીનું નિર્દિષ્ટ વેચાણકર્તા છે.

b) બિડિંગમાં ભાગ લેવા અંગે: મગફળીની ખરીદીમાં રસ ધરાવતા ખરીદદારો, એટલે કે બિડર્સે તેમનાં ભાવ પત્રકો સાઇન અને સ્ટેમ્પ કરેલા ટેન્ડર દસ્તાવેજો સાથે આ સરનામે મોકલવાનાં રહેશેઃ **સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ, C/o સજ્જતા સંઘ, મારૂતિનંદન વિલા-1, સરકારી ટ્યૂબવેલ પાસે, બોપલ, અમદાવાદ શહેર, અમદાવાદ - 380054.** આ સાથે બિડમાં જણાવેલી જરૂરી માહિતી અને બાનાની રકમ પણ સાથે જ મોકલવાની રહેશે.

c) **બિડ** (**ભાવ પત્રક**) ના એન્વેલપ (કવર) ઉપર 'મગફળીના વેચાણ માટેની નાણાંકીય બિડ' ("Financial bid for sale of Groundnut") લખવું જરૂરી છે.

d) નાણાંકીય **બિડ** (**ભાવ પત્રકો**) 27મી જૂન, 2014ના રોજ બપોરે એક વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

2. બિડિંગને લગતી આવશ્યકતાઓ

બિડર એટલે કોઈ વ્યક્તિ અથવા તો કાયદેસરની માન્યતા ધરાવતી પેઢી કે સંસ્થા, જે દર્શાવેલ ગુણવત્તા અને જથ્થા પ્રમાણેની મગફળીની ખરીદી કરવામાં રસ ધરાવતી હોય. ઊપજની ગુણવત્તા, વેરહાઉસનાં સ્થળો, બિડિંગની પ્રક્રિયા અથવા તો આ પ્રકારની કોઈ પણ બાબતની જાણકારી મેળવવા માટે બિડર્સ SFACની ઓફિસનો સંપર્ક સાધી શકે છે.

## 3. કરારની વિગતો

ગુજરાતમાં મગફળીના કરારની વિગતો આ પ્રમાણે છે:

| | |
|---|---|
| મહત્તમ પ્રાપ્ય જથ્થો MT (મેટ્રિક ટનમાં) | 14120.46 MT (મેટ્રિક ટન) |
| વેપાર એકમ | 1 MT |
| ભાવ દરખાસ્ત | પ્રત્યેક MT |
| લઘુત્તમ વેપાર જથ્થો | 50 MT |
| બાનાની રકમ (રિફન્ડેબલ) | નાણાંકીય બિડના સોદાના મૂલ્યની પાંચ ટકા રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ, નવી દિલ્હી/ RTGSના નામે સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા,118, શાહપુર જાટ, નવી દિલ્હી C/A No.:32438354263, IFSC Code: SBIN0007407 |
| ભાવ દરખાસ્ત | VAT વિના એક્સ-વેરહાઉસ |
| કુલ/ચોખ્ખા વજનનું ધોરણ | ભાવ દરખાસ્ત એ કુલ વજનના ધોરણે છે. |

## 4. ગુણવત્તાના માપદંડો

મગફળીની નિશ્ચિત ગુણવત્તાની વિગતો આ પ્રમાણે છે:

(ટકાવારીમાં)

| વિદેશી તત્વો | **નુકસાનગ્રસ્ત સીંગ** | સંકોચાઈ ગયેલી તથા અપરિપક્વ સીંગ | **અન્ય વેરાયટીની સીંગ** | ઊતારો |
|---|---|---|---|---|
| 2 | 2 | 4 | 4 | 65 અને વધુ |

5. **વેરહાઉસની વિગતો**

| **ક્રમ** | **સ્થળ** | **વેરહાઉસનું નામ** | **વેરહાઉસનું સરનામું** | **અંદાજિત MT** | **કોથળાની સંખ્યા** | **પેકિંગ** |
|---|---|---|---|---|---|---|
| **1** | સાવરકુંડલા | કૃષિ ભવન ગોડાઉન | ગિરધરવાવ રેલવે ક્રોસિંગ, મહુવા રોડ, એટ પોસ્ટ - સાવરકુંડલા, તા.- સાવરકુંડલા, જિ.-અમરેલી, ગુજરાત | 500.545 | 12175.0 | 40 કિગ્રા |
| **2** | ઊના | રાધેશ્યામ સ્ટોકયાર્ડ વેરહાઉસ | ગિર-ગઢડા રોડ, સુગર ફેક્ટરી પાસે, એટ પોસ્ટ ઊના, તા.-ઊના, જિ.-સોમનાથ -362560, ગુજરાત | 614.59 | 14937.0 | 40 કિગ્રા |
| **3** | સાવરકુંડલા | અશ્વિનકુમાર લાલજીભાઈ ઠુમ્મર વેરહાઉસ | પ્લોટ નં. -15-16-17<br>રેલવે ક્રોસિંગ પાસે, મહુવા રોડ, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી - 364515, ગુજરાત | 619.625 | 15117.0 | 40 કિગ્રા |
| **4** | કોડિનાર | આદમભાઈ હાજીઅલી મોહમ્મદ હલાલ વેરહાઉસ નં.-3 | C/o- હાજી અલી મોહમ્મદ મુસા એન્ડ કં., મૂળદ્વારકા રોડ, કોડિનાર-362720, જિ- જુનાગઢ, ગુજરાત | 188.48 | 4579.0 | 40 કિગ્રા |
| **5** | કોડિનાર | દુદાભાઈ દેધાભાઈ ડોડિયા | પ્લોટ નં. -20, સર્વે નં.-328, ગોહિલખાન, કોડિનાર, જૂનાગઢ-362276 | 185.04 | 4496.0 | 40 કિગ્રા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **6** | કેશોદ | રામદેવ ઇન્ડસ્ટ્રીઝ વેરહાઉસ | શ્રી રામદેવ ઇન્ડસ્ટ્રીઝ, તુલસી વેબ્રિજની પાછળ, વેરાવળ હાઇવે, એટ પોસ્ટ - સોંદરડા (કેશોદ), તા. કેશોદ, જિ. જુનાગઢ -362220 | 840.008 | 20488.0 | 40 કિગ્રા |
| **7** | કેશોદ | કેશવ કેટલ ફૂડ ઇન્ડસ્ટ્રીઝ ગોડાઉન | પ્લોટ નં. -1, R.S.No-569/P, કેશોદ - માંગરોળ હાઇવે, ચંદીગઢ પાટિયા, એટ પોસ્ટ કેશોદ, જિ. જુનાગઢ -3662220 | 562.52 | 13720.0 | 40 કિગ્રા |
| **8** | ઊના | શ્રી રામ ગોડાઉન નં. 3 અને 4 | ગોડાઉન નં. -3&4, સનદ નં. -162-1-3, ખપત ઊના, એટ પોસ્ટ - ખાપત, તા. ઊના, જિ. જુનાગઢ -362560 | 354.285 | 8602.0 | 40 કિગ્રા |
| **9** | ઊના | રાજ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ વેરહાઉસ | રાજ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ, ગીર ગઢડા રોડ, ઊના -362560. | 260.525 | 6336.0 | 40 કિગ્રા |
| **10** | સાવરકુંડલા | કંચનબેન નરેન્દ્રભાઈ બરવાળિયા ગોડાઉન | સર્વે નં. -4385/2, APMC પાસે, રેલવે ક્રોસિંગ, મહુવા રોડ, એટ પોસ્ટ - સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી -364515 | 356.131 | 8690.0 | 40 કિગ્રા |
| **11** | કોડિનાર | રશ્મીનાબેન ઝાલા વેરહાઉસ | 327 P, બેહિન ઝાલા સેન્ચ્યુરી કોરૂગેટેડ પ્રા. લિ. ગોહિલખાન, કોડીનાર, જુનાગઢ -362276 | 878.91 | 21343.0 | 40 કિગ્રા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **12** | કેશોદ | ઓલ્ડ ઊમિયા જિનિંગ ગોડાઉન | ઓલ્ડ ઉમિયા જિનિંગ ગોડાઉન, જુનાગઢ રોડ, એટ પોસ્ટ - અગતરાય, તા. કેશોદ, જિ. જુનાગઢ, પિન કોડ-362220 | 490.114 | 11954.0 | 40 કિગ્રા |
| **13** | પીપાવા | સમતભાઈ ભાયાભાઈ વાઘ | સર્વે નં. - 194, એક્સિસ બેન્ક પાસે, પિપાવા ચાર રસ્તા, એટ પોસ્ટ પિપાવા, તા. રાજુલા, જિ. અમરેલી - 365560. | 1993.035 | 48544.0 | 40 કિગ્રા |
| **14** | ઊના | કૈલાશ કોટન પ્રા. લિ. | કૈલાશ કોટન પ્રા. લિ., શ્રીધરશ્રમ, ગીર ગઢડા રોડ, ઊના- 362560 | 550.845 | 13357.0 | 40 કિગ્રા |
| **15** | જૂનાગઢ | શિવમ ઇન્ડસ્ટ્રીઝ | સરગવાડા બાય પાસ, હિંગરાજ હોટલ સામે, ધોરાજી બાય પાસ, એટ પોસ્ટ જુનાગઢ, તા. જુનાગઢ, જિ. જુનાગઢ- 362001 | 905.675 | 22019.0 | 40 કિગ્રા |
| **16** | ઊના | ઓમ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ | ઓમ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ, 94 મોટી ડેલી વિસ્તાર, 2 સંખાડા, 1, તા. ઊના, જૂનાગઢ | 257.065 | 6239.0 | 40 કિગ્રા |
| **17** | કોડિનાર | ધિરેન્દ્ર નવનીતલાલ રૂપારેલ | ખાતા નં. -642, વેરાવળ હાઇ વે રોડ, કોડીનાર -362720 | 84.34 | 2050.0 | 40 કિગ્રા |
| **18** | જુનાગઢ | રાધિકા એક્સપોર્ટ | રાધિકા એક્સપોર્ટ નં. 3 - 4, ભેસા ચોકડી સામે, રાજકોટ રોડ, સુખપુર, જુનાગઢ | 520.83 | 12649.0 | 40 કિગ્રા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **19** | કોડિનાર | શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લિ. વેરહાઉસ નં. 6 | શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લિ., ગામ કોડીનાર, તા. કોડીનાર, જુનાગઢ - 362725. | 1994.21 | 48433.0 | 40 કિગ્રા |
| 20 | ઊના | બાલમુકુંદ જિનિંગ એન્ડ પ્રેસિંગ ઇન્ડસ્ટ્રીઝ | ઊના-ભાવનગર હાઇવે રોડ, ઊના - 362560 | 275.19 | 6687.0 | 40 કિગ્રા |
| **21** | ગડુ | ઝનકાર સીડ્ઝ ઇન્ડસ્ટ્રીઝ | જનકાર સીડ્ઝ ઇન્ડસ્ટ્રીઝ, ગડુ (શેરબાગ) ખેરા રોડ, તા. માળિયા (હાટીના), જિ. જુનાગઢ | 642.66 | 15625.0 | 40 કિગ્રા |
| **22** | ધારી | ધનશ્યામભાઈ વાલાભાઈ પરડવા | એટ પોસ્ટ - ધારી, જિ. અમરેલી, ગુજરાત | 358.371 | 8738.0 | 40 કિગ્રા |
| **23** | મહુવા | મનદીપભાઈ વૃજિલા દોશી | એટ પોસ્ટ - મહુવા, જિ. અમરેલી, ગુજરાત | 403.46 | 9812.0 | 40 કિગ્રા |
| **24** | ધારી | મોહનભાઈ વાલાભાઈ | ધારી | 96.245 | 2350.0 | 40 કિગ્રા |
| **25** | ધારી | વિહાભાઈ ધનજીભાઈ | ધારી | 187.76 | 4555.0 | 40 કિગ્રા |

**6. માલનું સેમ્પલિંગ અને તપાસ (ઇન્સપેક્શન)**

માલને NCDEX દ્વારા માન્ય વેરહાઉસમાં રાખવામાં આવેલ છે (સરનામાં ઉપર આપવામાં આવેલ છે). માલની ગુણવત્તા પૂર્વ પ્રમાણિત છે. જો ખરીદદારો/ બિડર્સ બિડમાં ભાગ લેતાં પહેલાં

ગુણવત્તાની ખરાઈ કરવા માંગતા હોય, તો તેઓ વેરહાઉસ મેનેજરની અગાઉથી એપોઇન્ટમેન્ટ લઈને તેમનો સંપર્ક સાધી શકે છે. જોકે, સેમ્પલ આપવામાં આવશે નહીં. માલની તપાસ માટે ખરીદદારો શ્રી સંકેત ધાલોરિયાનો 09033011822 પર અથવા તો sanket.dholaria@nspot.in પર સંપર્ક સાધી શકે છે.

**7. ભાવ પત્રક જમા કરાવવા**

રસ ધરાવનારા બિડર્સ **www.sfac.in** વેબસાઇટ પરથી ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી શકે છે. તમામ બિડર્સે સંસ્થાની અને EMDની વિગતો બિડાણ-1માં અને જથ્થા અનુસાર (લોટ વાઇઝ) ઓફર બિડાણ-2માં રજૂ કરવાની રહેશે અને તેની સાથે દરેક પાના પર બિડરના સહી-સિક્કા કરેલા દસ્તાવેજો સુપરત કરવાના રહેશે. બિડર્સે બિડાણ-1ના સહાયક દસ્તાવેજોની નકલ (કોપી) પણ જમા કરાવવાની રહેશે. બિડના એન્વેલપ (કવર) ઉપર **'મગફળીના વેચાણ માટેનું નાણાંકીય ભાવ પત્રક' ("Financial bid for sale of Groundnut")** લખેલું હોવું જરૂરી છે. અને તેના પરનું સરનામું આ પ્રમાણે હોવું જોઈએઃ **સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ C/o સજ્જતા સંઘ, 1, મારૂતિનંદન વિલા, સરકારી ટ્યૂબવેલ પાસે, બોપલ, અમદાવાદ શહેર, અમદાવાદ-380054.** સ્થાનિક સંપર્ક - શ્રી કુલદીપ સોલંકી - 09998287384.

જો EMD RTGS દ્વારા ડિપોઝિટ કરાવવામાં આવેલ હોય, તો બિડરે , SFACને 011-26966039 પર અગાઉથી ખાતરી અવશ્ય કરાવી લેવી.

**7. સફળ બિડરને જાણ કરવી તથા વેચાણ જથ્થો ભરવા બાબત**

i. **SFAC અમદાવાદ ઓફિસ** ખાતે મોકલવામાં આવેલા ભાવ પત્રકો 27મી જૂન, 2014ના રોજ બપોરે બે વાગે ખોલવામાં આવશે. પોતાના પ્રતિનિધિને અધિકૃત પત્ર (લેટર ઓફ ઓથોરાઇઝેશન) જારી કરીને બિડર્સ હાજરી આપી શકે છે. SFAC બિડિંગના સ્થળે પ્રવેશ પર પ્રતિબંધ મૂકી શકવા સ્વતંત્ર છે.

ii. જો બાનાની રકમ (સામાનના ભાવ દરખાસ્તના 5%) ન મળી હોય, તો આગળના કોઈ પણ આધાર વિના બિડ સ્વીકારવામાં આવશે નહીં.

iii. SFAC સફળ બિડરને ઇમેઇલ આઇડી પર ઇ-મેઇલ કરીને તથા ટેલિફોન દ્વારા તેમ જ રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા આ અંગેની જાણ તથા પુષ્ટિ કરશે.

iv. સફળ બિડર્સના કિસ્સામાં જ્યાં સુધી સંપૂર્ણ નાણાંકીય વ્યવહાર સંપન્ન ન થઈ જાય, ત્યાં સુધી EMDને “સિક્યોરિટી ડિપોઝિટ” તરીકે રાખવામાં આવશે.

v. નિષ્ફળ બિડર્સના કિસ્સામાં EMDની રકમ 7 (સાત) દિવસની અંદર પરત કરવામાં આવશે.

vi. SFAC કોઈ પણ કારણ જણાવ્યા વિના ઓફરનો સંપૂર્ણ/આંશિક રીતે સ્વીકાર કરવાનો કે અસ્વીકાર કરવાનો અધિકાર ધરાવે છે.

## 8. ડિલીવરીના કરારની પતાવટ

i. સ્ટોકનું વેચાણ ગોડાઉન પર કરવામાં આવશે અને તે યથાસ્થિતિના ધોરણે કરવામાં આવશે, જેની સામે વેચાણની 100 ટકા રકમ બાર્ગેઇન/એવોર્ડ લેટરની તારીખના 5 (પાંચ) કામના ચાલુ દિવસોની અંદર બેન્ક ડ્રાફ્ટ/ પે ઓર્ડર/ RTGS દ્વારા **સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ**ના નામે જમા કરાવવાનો રહેશે, જે **નવી દિલ્હી** ખાતે પેએબલ હોવો જોઈએ. સમય એ આ કરારનું અનિવાર્ય તત્વ છે અને સામાનની ડિલીવરી લેવા માટે નિર્દિષ્ટ સમયનું પાલન થવું જરૂરી છે.

ii. બાર્ગેઇન/ લેટર ઓફ અવોર્ડની તારીખના (રવિવાર અને બેન્કની રજાને બાદ કરતાં) પાંચ દિવસોની અંદર બેન્ક/ RTGS મારફત 100 ટકા ચૂકવણી થઈ ગયા બાદ જ વજનકાંટા પર વજન કરવાના ધોરણે સ્ટોકની ડિલીવરી કરવામાં આવશે. નિયત દિવસોની અંદર 100 ટકા ચૂકવણી કરવામાં નિષ્ફળ જતાં ખરીદી રદ ઠરાવવામાં આવશે અને 5 ટકા ડિપોઝિટની રકમ જપ્ત કરવામાં આવશે.

iii. બિડર્સે VAT અથવા તો રાજ્યમાં લાગુ હોય તે પ્રમાણેનો અન્ય કોઈ પણ કર ચૂકવવાનો રહેશે.

iv. જો ખરીદદાર ઉપર જણાવેલા પાંચ દિવસોની અંદર વેચાણની 100 ટકા રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો તેવા કિસ્સામાં ખરીદદાર દ્વારા કરવામાં આવતી વિનંતીના આધારે 12 ટકા p.a. (પ્રતિ વર્ષ)ના દંડાત્મક વ્યાજ સાથે એક અઠવાડિયાનું એક્સટેન્શન આપી શકાય છે. જો લંબાવાયેલા સમયગાળાની અંદર પણ ખરીદદાર ચૂકવણી ન કરી શકે, તો ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.

v. સફળ બિડર્સને માલની ડિલીવરીની પતાવટ NCDEX સ્પોટ એક્સચેન્જ લિ. મારફત કરવામાં આવશે, જેની SFAC દ્વારા ટેકનિકલ એન્ડ લોજિસ્ટિક સપોર્ટ એજન્સી (TLSA) તરીકે પસંદગી કરવામાં આવી છે.

vi. બિડરે બાર્ગેઇન/એવોર્ડ લેટરની તારીખના (ચાલુ કામના) 10 દિવસોની અંદર માલ લઈ જવાનો રહેશે. સૂચિત દિવસોની અંદર માલ લઈ જવામાં ન આવે, તો બિડર પાસેથી સ્ટોરેજ ચાર્જ વસૂલવામાં આવશે, જે પ્રતિ બેગદીઠ 50 પૈસા પ્રતિ દિન રહેશે. જો ખરીદદાર વેચાણ નક્કી થયાની તારીખ પછીના એક મહિનાની અંદર તેનો સામાન ન લઈ જાય, તો SFAC, બિડરને કોઈ પણ જાતની નોટિસ પાઠવ્યા વિના પોતાના જોખમે અને ખરીદદારના ખર્ચે માલનો નિકાલ કરવાનો અધિકાર ધરાવે છે અને EMD / સિક્યોરિટી ડિપોઝિટની પતાવટ કર્યા બાદ જો લેણાની રકમ નીકળતી હોય, તો તે ખરીદદાર પાસેથી વસૂલવામાં આવશે.

9. **ચાર્જ**

ખરીદદારે કોઈ ટ્રાન્ઝેક્શન ફી કે ચાર્જ ચૂકવવાનો રહેશે નહીં. જોકે, માલ લઈ જવાનો/ માલ ભરવાનો, વજન કરવાનો તથા અન્ય ખર્ચ (જો હોય તો) ખરીદદારે વેરહાઉસના સ્થળે ડિલીવરી લેતી વખતે જ ચૂકવવાનો રહેશે.

10. **બિડની માન્યતા**

બિડ ખૂલ્યાની તારીખથી લઈને 15 દિવસ સુધી બિડ **માન્ય રહેશે.**

11**. કસૂર/ચૂક વ્યવસ્થાપન:**

i. જો સફળ બિડર ઓફર સ્વીકાર્યા બાદ નિર્દિષ્ટ સમયની અંદર ચૂકવણી કરવામાં કે સ્ટોક લઈ જવામાં નિષ્ફળ જાય, તો EMD જપ્ત કરવામાં આવશે.

ii. EMDની પ્રારંભિક ડિપોઝિટનું કોઈ વ્યાજ ચૂકવવામાં આવતું નથી અને નિષ્ફળ બિડર્સને ડિપોઝિટની વ્યાજ વગરની રકમ ચૂકવવામાં આવશે.

12. **અનિવાર્ય સંજોગો**

કુદરતી હોનારત, આગ, ભારત સરકારની નીતિ, પ્રતિબંધ, કામદારો દ્વારા હડતાળ કે તાળાબંધી, યુદ્ધ, કોઈ પણ પ્રકારની મિલીટરીની કાર્યવાહી, વેચાણકર્તા/ખરીદદારને તેમનો કરાર આગળ ધપાવવા માટે સંપૂર્ણપણે કે આંશિક રીતે આડે આવતા અવરોધો સહિતના કોઈ પણ પ્રકારના અનિવાર્ય સંજોગોની સ્થિતિમાં કરાર હેઠળની કામગીરી સંપન્ન કરવા માટે નિર્દિષ્ટ કરવામાં આવેલો સમયગાળો જ્યાં સુધી સ્થિતિ પૂર્વવત્ ન થઈ જાય ત્યાં સુધી લંબાવવામાં આવશે. અને જો આપત્તિની સ્થિતિ ત્રણ મહિના કરતાં વધુ સમય સુધી ચાલુ રહે, તો બંને પક્ષો કોઈ પણ પ્રકારનું નુકસાન ચૂકવ્યા વિના તેમના કરારનો અમલ કરવાનો ઇન્કાર કરી શકે છે. કરાર ચાલુ રાખવા માટે સક્ષમ ન હોય તેવા પક્ષે મુશ્કેલીરૂપ સંજોગો કરારને યથાવત્ રાખવા સામે અવરોધરૂપ હોવા અંગેની જાણ કરારબદ્ધ હોય તેવા અન્ય પક્ષને તાત્કાલિક ધોરણે કરવાની રહેશે. સંબંધિત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જારી કરવામાં આવેલું સર્ટિફિકેટ આવી મુશ્કેલીરૂપ પરિસ્થિતિના અસ્તિત્વ અને સમયગાળા અંગેનો પૂરતો પુરાવો ગણાશે.

13**. તકરાર નિવારણ**

કરારને લગતી કોઈ પણ બાબતના સંદર્ભમાં કોઈ તકરાર કે મતભેદ સર્જાય, અને જો આ તકરાર કે મતભેદ શાંતિપૂર્ણ રીતે ન ઉકેલાય, તો તેનું નિવારણ નવી દિલ્હી ખાતે ધ રૂલ્સ

ઓફ આર્બિટ્રેશન ઓફ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ આર્બિટ્રેશન (the Rules of Arbitration of Indian Council of Arbitration), નવી દિલ્હીને સુસંગત રહીને કરવામાં આવશે. અને તે મુજબ જે પણ નિર્ણય લેવામાં આવે તે આખરી ગણાશે અને બંને પક્ષોએ તે ચુકાદો માન્ય રાખવાનો રહેશે. ભારતીય કાયદાઓ લાગુ પડશે.

SFAC સૌથી ઊંચી બિડ ધરાવનાર અથવા તો તમામ બિડને આંશિક કે પૂર્ણપણે સ્વીકારવાનો કે રદ કરવાનો અધિકાર ધરાવે છે. આ ઉપરાંત તે કોઈ પણ કારણ જણાવ્યા વિના જથ્થો વધારવાનો કે ઘટાડવાનો અબાધિત અધિકાર SFAC ધરાવે છે અને બિડર આ અંગે કોઈ વિવાદ કરી શકશે નહીં.


ડી. ભુવન

ડિરેક્ટર - પ્રોજેક્ટ્સ

**સ્મોલ ફાર્મર્સ એગ્રિબિઝનેસ કન્સોર્ટિયમ**

**NCUI ઓડિટોરિયમ બિલ્ડીંગ, પાંચમો માળ, 3 સીરી ઇન્સ્ટીટ્યુશનલ એરિયા**

**ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ, હૌઝખાસ, નવી દિલ્હી - 110016.**

ફોન નં. – 011 26966017/37,

**બિડાણ-1**

**બિડરની વિગતો:**

(બિડરના પ્રિન્ટેડ લેટરહેડ ઉપર)

| | | |
|---|---|---|
| 1 | સંસ્થાનું નામ | |
| 2 | સરનામું | |
| 3 | # રજિસ્ટ્રેશન નં. | |
| 4 | # સેલ ટેક્સ રજિસ્ટ્રેશન નં. | |
| 5 | # પાન કાર્ડ નં. | |
| 6 | સંપર્ક માટે વ્યક્તિનું નામ | |
| 7 | સંપર્ક માટેનું સરનામું | |
| 8 | લેન્ડલાઇન નં. | |
| 9 | મોબાઇલ નં. | |
| 10 | ઇમેઇલ આઇડી | |
| 11 | EMD વિગતો | |

તારીખ:

અધિકૃત સિગ્નેટરીની સહી:

સંસ્થાનું સીલ (સિક્કો):

(નોંધ: # સહાયક દસ્તાવેજોની ઝેરોક્સ કોપી બિડાણ-1 સાથે જમા કરાવવી.)

નાણાંકીય બિડ

બિડાણ-2

| ક્રમ | સ્થળ | વેરહાઉસનું નામ | વેરહાઉસનું સરનામું | અંદાજિત MT | ક્વોટેડ જથ્થો (MT) | બિડ પ્રાઇસ (MT) |
|---|---|---|---|---|---|---|
| **1** | સાવરકુંડલા | કૃષિ ભવન ગોડાઉન | ગિરધરવાવ રેલવે ક્રોસિંગ, મહુવા રોડ, એટ પોસ્ટ-સાવરકુંડલા, તા.-સાવરકુંડલા, જિલ્લો- અમરેલી, ગુજરાત | 500.545 | | |
| **2** | ઊના | રાધેશ્યામ સ્ટોકયાર્ડ વેરહાઉસ | ગિર-ગઢડા રોડ, સુગર ફેક્ટરી પાસે, A/p-ઊના, તા.- ઊના, જિ.- સોમનાથ-362560, ગુજરાત | 614.59 | | |
| **3** | સાવરકુંડલા | અશ્વિનકુમાર લાલજીભાઈ ઠુમ્મર વેરહાઉસ | પ્લોટ નં.- 15-16-17, રેલવે ક્રોસિંગ પાસે, મહુવા રોડ, સાવરકુંડલા, તા.- સાવરકુંડલા, જિ.- અમરેલી, પિનકોડ - 364515, ગુજરાત | 619.625 | | |
| **4** | કોડિનાર | આદમભાઈ હાજીઅલી મોહમ્મદ હલાલ, વેરહાઉસ નં.-3 | C/o-હાજી અલી મોહમ્મદ મુસા એન્ડ કં., મૂળદ્વારકા રોડ, કોડિનાર -362720, જિલ્લોt-જૂનાગઢ, ગુજરાત | 188.48 | | |
| **5** | કોડિનાર | દુદાભાઈ દેધાભાઈ ડોડિયા | પ્લોટ નં.-20,સર્વે નં.-328,ગોહિલખાન, કોડિનાર, જિલ્લો-જૂનાગઢ -362276, ગુજરાત | 185.04 | | |
| **6** | કેશોદ | રામદેવ ઇન્ડસ્ટ્રીઝ વેરહાઉસ | શ્રી રામદેવ ઇન્ડસ્ટ્રીઝ, તુલસી વેબ્રિજની પાછળ, વેરાવળ હાઇવે, સોંદરડા (કેશોદ), તા.-કેશોદ, જિ.-જૂનાગઢ - 362220 | 840.008 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **7** | કેશોદ | કેશવ કેટલ ફૂડ ઇન્ડસ્ટ્રીઝ ગોડાઉન | પ્લોટ નં. -1,R.S.No-569/P, કેશોદ- માંગરોળ હાઇવે, ચાંદીગઢ પાટિયા, કેશોદ, જિ.- જૂનાગઢ, પિન કોડ - 3662220 | 562.52 | | |
| **8** | ઊના | શ્રી રામ ગોડાઉન નં -3 & 4 | ગોડાઉન નં. -3&4 ,સનદ નં.- 162-1-3, ખાપત ઊના, ખાપત, તા.-ઊના, જિ.-જૂનાગઢ - 362560 | 354.285 | | |
| **9** | ઊના | રાજ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ વેરહાઉસ | રાજ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ, ગિર ગઢડા રોડ, ઊના -362560. | 260.525 | | |
| **10** | સાવરકુંડલા | કંચનબેન નરેન્દ્રભાઈ બરવાળિયા ગોડાઉન | સર્વે નં. -4385/2, APMC પાસે, રેલવે ક્રોસિંગ, મહુવા રોડ, સાવરકુંડલા, તા.-સાવરકુંડલા, જિ.-અમરેલી -364515 | 356.131 | | |
| **11** | કોડિનાર | રશ્મીના જે. ઝાલા વેરહાઉસ | 327 P, બેહિન ઝાલા સેન્ચ્યુરી કોરૂગેટેડ પ્રા. લિ., ગોહિલખાન, કોડિનાર, જૂનાગઢ -362276 | 878.91 | | |
| **12** | કેશોદ | ઓલ્ડ ઊમિયા જિનિંગ ગોડાઉન | ઓલ્ડ ઊમિયા જિનિંગ ગોડાઉન, જૂનાગઢ રોડ, અગતરાઇ, તા.-કેશોદ, જિ.- જૂનાગઢ -362220 | 490.114 | | |
| **13** | પિપાવા | સામતભાઈ ભાયાભાઈ વાઘ | સર્વે નં. - 194, એક્સિસ બેન્ક પાસે, પિપાવા ચાર રસ્તા, તા.- રાજુલા, જિ.-અમરેલી- 365560. | 1993.035 | | |
| **14** | ઊના | કૈલાશ કોટન પ્રા. લિ. | કૈલાશ કોટન પ્રા. લિ., શ્રીધર્શનમ, ગિર ગઢડા રોડ, ઊના- 362560 | 550.845 | | |
| **15** | જૂનાગઢ | શિવમ ઇન્ડસ્ટ્રીઝ | સરગવાડા બાયપાસ, હિંગરાજ હોટલની સામે, ધોરજી | 905.675 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | બાયપાસ, જૂનાગઢ, તા.-જૂનાગઢ, જિ.-જૂનાગઢ- 362001 | | | |
| **16** | ઊના | ઓમ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ | ઓમ જિનિંગ ઇન્ડસ્ટ્રીઝ, 94, મોટી ડેલી વિસ્તાર, 2 સંખાડા, 1, તા.-ઊના, જૂનાગઢ | 257.065 | | |
| **17** | કોડિનાર | ધિરેન્દ્ર નવનીતલાલ રૂપારેલ | ખાતા નં. -642,વેરાવળ હાઇવે રોડ, કોડિનાર -362720 | 84.34 | | |
| **18** | જૂનાગઢ | રાધિકા એક્સપોર્ટ | રાધિકા એક્સપોર્ટ નં. -3& 4, ભેસા ચોકડીની સામે, રાજકોટ રોડ, સુખપુર, જૂનાગઢ | 520.83 | | |
| 19 | કોડિનાર | શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લિ. વેરહાઉસ નં.-6 | શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લિ., ગામ - કોડિનાર, તા.-કોડિનાર, જિ.-જૂનાગઢ-362725. | 1994.21 | | |
| **20** | ઊના | બાલમુકુંદ જિનિંગ એન્ડ પ્રેસિંગ ઇન્ડસ્ટ્રીઝ | ઊના- ભાવનગર હાઇવે રોડ, ઊના- 362560, ગુજરાત | 275.19 | | |
| **21** | ગડુ | જનકાર સીડ્ઝ ઇન્ડસ્ટ્રીઝ | જનકાર સીડ્ઝ ઇસ્ટ્રીઝ, ગડુ (શેરબાગ) ખેરા રોડ, તા.-માળિયા (હાટિના), જિ.-જૂનાગઢ | 642.66 | | |
| **22** | ધારી | ધનશ્યામભાઈ વેલાભાઈ પરડવા | એટ પોસ્ટ- ધારી, અમરેલી, ગુજરાત | 358.371 | | |
| **23** | મહુવા | મનદીપભાઈ વૃજિલા દોશી | એટ પોસ્ટ - મહુવા, જિ.-અમરેલી, ગુજરાત | 403.46 | | |
| **24** | ધારી | મોહનભાઈ વાલાભાઈ | ધારી | 96.245 | | |
| **25** | ધારી | વીહાભાઈ ધનજીભાઈ | ધારી | 187.76 | | |
| **કુલ** | | | | **14120.46** | | |